

(D - 100)

## ધર્મધ્વજ ફરકે છે

ધર્મધ્વજ ફરકે છે મોરે મંદિરિયે;
સ્વાધ્યાયમંદિર સ્થપાયા અમ આંગણિયે.
દેવ ને દેવેન્દ્ર આ મંગળ મહોત્સવ ઉજવે;
કુંદકુંદસ્વામી સ્વર્ગમાં બેઠા અમીદષ્ટિ કરે.
આજે ગંધર્વોના ગીત ગાજે છે;
દૈવી દુંદુભીનાદ ગાજે છે. ધર્મ૦ ૧.
શાસનતણા સમ્રાટ અમારે આંગણે આવ્યા,
અદ્‌ભુત યોગિરાજ અમારાં ધામ દીપાવ્યાં;
મીઠો મહેરામણ આંગણિયે કહાન મહારાજ,
પુણ્યોદયનાં મીઠાં ફળ ફળિયાં આજ. ધર્મ૦ ૧.
અમૃતભર્યાં જ્યાં ઉર છે, નયને વિજયનાં નૂર છે,
જ્ઞાનામૃતે ભરપૂર છે, બ્રહ્મચારી એ ભડવીર છે;
યુક્તિ-ન્યાયમાં શૂરા છો યોગીરાજ,
નિશ્ચય-વ્યવહારના સાચા છો જાણનહાર. ધર્મ૦ ૨.
દેહે મઢેલા દેવ છો, ચરિતે સુવર્ણવિશુદ્ધ છો,
ધર્મે ધુરંધર સંત છો, શૌર્યે સિંહણ-પીધ-દૂધ છો;
મુક્તિ વરવાને ચાલ્યા છો યોગિરાજ,
સનાતન ધર્મના સાચા છો ઋષિરાજ. ધર્મ૦ ૩.
સૂત્રો બતાવ્યાં શાસ્ત્રમાં, ઉકેલવાં મુશ્કેલ છે,
અક્ષર તણો સંગ્રહ ઘણો, પણ જ્ઞાન પેલે પાર છે;
અંતર્ગતના ભાવોને ઓળખનાર,
આત્મિક વીર્યના સાચા સેવનહાર. ધર્મ૦ ૪.